Gujarat Ayurved University, Jamnagar **Toll Free No. 1800 233 7324**
ફેક્સ નંબર-91-0288-2555585 ફોન નંબર:- 2660002

# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,

Accredited Grade "A" by NAAC (CGPA 3.28)
સેનેટ સિન્ડિકેટ
ચાણક્ય ભવન, જામનગર-361 008
Email-syndicate@ayurveduniversity.com Web :www.ayurveduniversity.edu.in

નં.એસએસ-5/સ્નાતક રોલ/34/2016-17/2782 તા.05-10-2016 6

## -:: પરિપત્ર ::-

સિન્ડિકેટની તા.14-06-2016 ની સભામાં કાર્યસુચિ-19થી થયેલ નિર્ણય અનુસાર ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગરમાં સ્નાતકોની મતદાર યાદીમાં નોંધાયેલ સ્નાતકો કે, જેઓની પાંચ વર્ષ નોંધણીની મુદત તા.31-12-2016 ના રોજ પૂર્ણ થાય છે, આ તમામ સ્નાતકો ફરીથી સ્નાતાક મતદાર યાદીમાં ફેર-નોંધણી (Re-Registration) કરાવવા ઈચ્છતા હોય તો યુનિવર્સિટીની વેબસાઈટ **www.ayurveduniversity.edu.in** મારફત ઓન લાઈન/ઓફ લાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. જેની છેલ્લી તા.14-12-2016 રહેશે.

જો સ્નાતક મતદાર ઓન લાઈન રી-રજીસ્ટ્રેશન(ફેરનોંધણી) કરવા માંગતા ન હોય તો તેઓ યુનિવર્સિટી વેબ સાઈટ ઉપરથી ફોર્મ ડાઉનલોડ કરી જરૂરી વિગતો સાથે રૂબરૂમાં અથવા પોસ્ટ દ્વારા તા.14-12-2016 સુધીમાં રીન્યુઅલ(ફેરનોંધણી) માટેની જરૂરી ફી રૂ!.5/- રાખવામાં આવેલ છે. સ્નાતક ફેર નોંધણી માટે નામ, અટક કે સરનામામાં ફેરફાર હોય તો તેના આધાર સાથે ફોર્મ સાથે રજૂ કરવાના રહેશે. જે સ્નાતકો નવેસરથી સ્નાતક મતદાર યાદીમાં નોંધણી કરવા માંગતા હોય તેઓએ ઓનલાઈન અને ઓફલાઈન માટેની ફી રૂ!.100/- રાખવામાં આવેલ છે મનીઓર્ડર અથવા યુનિવર્સિટી કાર્યાલયમાં રૂબરૂમાં રોકડાથી અરજી ફોર્મ સાથે તા.30-11-2016 સુધીમાં ભરી શકાશે. મનીઓર્ડર દ્વારા ફી મોકલનારે કુલસચિવશ્રી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગરને મોકલી આપવાનો રહેશે.

અરજીફોર્મ સાથે પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો કલર ફોટોગ્રાફ, ડીગ્રી સર્ટીફીકેટ, અને અન્ય તમામ સર્ટીફીકેટ તથા પત્રવ્યવહારના સરનામાનો આધાર સ્કેન કરી ઓન લાઈન અરજી સાથે અપલોડ કરવાનો રહેશે. સ્નાતક મતદાર યાદીની નવી નોંધણી માટે ઓન લાઈન અરજી ફોર્મ સ્વીકારવાની છેલ્લી તા.30-11-2016 ના રોજ સાંજના 5-00 વાગ્યા સુધીની રહેશે.

નોંધ :- 1) ઓન લાઈન રજીસ્ટ્રેશન કરવા માટે જો કોઈ માર્ગદર્શનની જરૂરીયાત હોય તો શ્રી જયદીપ કોટેચાના મોબાઈલ નં.94262 54165 ઉપર સવારે 11-00 થી સાંજના 5-00 કલાક દરમ્યાન સંપર્ક કરવો.

2) મનીઓર્ડર દ્વારા જયારે રકમ મોકલો ત્યારે નાણાં જે હેતુસર મોકલો છો તેની વિગત અચુક દર્શાવવા વિનંતી છે.

3) અરજી ફોર્મમાં મોબાઈલ નંબર અચુક દર્શાવવાનો રહેશે અને દર્શાવવામાં આવેલ મોબાઈલ નંબરની યુનિવર્સિટી દ્વારા ચકાસણી કરવામાં આવશે.

ઈ.કુલસચિવ